# દિવાળી પર્વમાં માટીના દિવડાઓ મોંઘા થયા

## માટીના ભાવ વધ્યાં હોવાથી દિવડાની કિંમત પણ વધી છે : આજે આધુનિક યુગમાં પણ માટીના કોડિયાનું સ્થાન યથાવત છે

ગાંધીનગર.તા.૧૫

દિવાળીના તહેવારને હવે થોડા દિવસો જ બાકી છે. દિવાળી પર ઝગમગતી રોશની અને સજાવટ કરવામાં જે દિવડા નો ઉપયોગ કરવામાં આવે છે તેના ભાવ વધ્યા છે. દિવડા ની બનાવટ માટે વપરાતી માટી નાં ભાવ વધ્યાં હોવાથી દિવડાની કિંમત પણ વધી છે.તેથી શહેરીજનો ને આ વર્ષે દિવાળી પર્વમાં માટીના દિવડા ની ખરીદી મોંઘી પડશે. જો કે માટીના દિવડાનું પોતાનું અલગ મહત્વ હોય છે. માર્કેટમાં અત્યારથી જ માટીના દિવડા વેચવાની શરૂઆત થઈ ગઈ છે. જે અલગ અલગ રંગ અને સ્ટાઈલમાં બનાવેલા હોય છે. અમુક લોકો મેટલના દિવા પણ પ્રગટાવે છે. પરંતુ માટીના દિવાની વાત જ કંઈક અલગ હોય છે. કહેવાય છે કે દિવાળીના તહેવારોમાં સમગ્ર પરિવારના જીવનમાં અંધકાર દૂર થાય અને નવો પ્રકાશ મળે તે માટે ઘરના આંગણે લોકો દીવડાઓ પ્રગડાવે છે. અને આજે પણ આ દીવડાઓની સજાવટ થી સજ્જ ઘર આંગણું ગમે તેટલી કિંમતી લાઈટો થી સજ્જ આંગણા ને ઝાંખું પાડી દે છે એટલે જ આજે પણ આધુનિક યુગ માં માટીના કોડિયાનું મહત્વ યથાવત છે. કુંભારના ઈલેક્ટ્રિક ચાકડા પર ઘરે-ઘરે દિવડાઓ બની રહ્યાં છે અને ઘરે ઘરના લોકો દિવડાના રંગકામ, ડિઝાઈનમાં લાગી પડયાં છે. કુંભારોના ઘરની બહાર મોટી સંખ્યામાં સૂકાવા મુકેલાં દિવડાઓ જોવા મળી રહ્યાં છે.પહેલા માટીના દિવામાં કોઈ ખાસ ડિઝાઈન જોવા મળતી ન હતી, પરંતુ હવે કુંભારોએ જાત-જાતની ડિઝાઈનના દિવડા બનાવ્યા છે. ચીની દિવડાઓને ટક્કર આપવા માટે કુંભારોએ પારંપારિક દિવડા સાથે જ ત્રણ થરના દિવડા, ફાઉન્ટેન દિવડા, હેંગિંગ દિવડા, મોર-કળશ-હાથી-કાચબા-સ્વસ્તિક આકારના દિવડાની સાથે વેક્સના દિવડાઓ પણ બનાવી રહ્યાં છે. લોકોમાં પણ સ્વદેશી માલ પ્રત્યે જાગૃતિ આવી હોવાથી હવે ચીની દિવડાને બદલે કુંભારવાડામાં બનેલાં માટીના રંગબેરંગી દિવડાની માગ કરી રહ્યાં છે. આ વર્ષે મોંઘવારીને કારણે માટીની દરજ્જેદાર વસ્તુઓ બનાવવા માટે જોઈતી માટી મેળવવી મુશ્કેલ બની છે. તેમાં પેટ્રોલના ભાવવધારાનો મોટો ફટકો લાગ્યો હોવાથી અને માટીના ભાવ વધ્યાં હોવાથી દિવડાની કિંમત પણ વધી છે.





**દિવાળીની પ્રાચીન પરંપરા :** માટીના કોડિયામાં દીવા

દિવાળી એટલે દીવાનો તહેવાર, માટીના કેડિયામાં દીવો એ તેનું મુખ્ય પ્રતીક. દિવાળીની ઉજવણીમાં ઘણું બદલાયું. ઘણી નવીનતા આવી પરંતુ માટીના કોડિયાનું સ્થાન હંમેશા પહેલા નંબરે રહ્યું. આ કોડિયાનો ઈતિહાસ પણ જાણવા જેવો છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષમાં એટલે પાંચ હજાર વર્ષ અગાઉ પણ લોકો માટીના કોડિયામાં દીવા કરતાં. તે સમયે લોકો થરોમાં અને અન્ય જગ્યાએ અજવાળું કરવા દીવા કરવાં મોહેજાદડોના પ્રાચીન અવશેષોમાં આવા કોડિયા મળી આવ્યા હતા. સિંધુ નદીની સંસ્કૃતિમાં જ નહીં પરંતુ તમામ સંસ્કૃતિમાં અજવાળું મેળવવા માટીના કોડિયા બનતાં. આ કોડિયાના આકાર પણ વિવિધ હતાં. જુદા-જુદા દેશ પ્રદેશના લોકોએ પોતાની કળા અને કસબ અજમાવીને જુદા જુદા ઘાટના કોડિયા બનાવેલા તેમા તેલ અને દિવેટ મુકવાની જુદી-જુદી ટેકનિક પણ અજમાવી. જો કે ભારતમાં વપરાતા કોડિયાની ડિઝાઈન આજ સુધી જળવાઈ રહી છે. કારણકે કોડિયામાં વપરાતા બળતણમાં સીંગતેલ, તલ કે સરસીયાનું તેલ પુરાતું. યુરોપના દેશોમાં પ્રાણીઓની ચરબી, ઓલિવનું તેલ, મીણ વગેરે વાપરવાનો રીવાજ હતો. આપણે ત્યાં દીવો એ પવિત્ર આસ્થાનું પ્રતિક છે. પૂજામાં ઘીના દીવા કરવામાં આવે છે. વીજળીના દીવા નહોતા ત્યારે અજવાળું મેળવવા દીવાની જ્યોત જ ઉપયોગમાં આવતી. જાતજાતનાં ફાનસ, મશાલ, વિગેરે વિકસ્યા. પરંતુ દરેક સાધનમાં કોડિયું તો મુકવામાં આવતું જ. શહેરોમાં સ્ટ્રીટલાઈટના ફાનસમાં, રેલ્વેના સિગ્નલના ફાનસમાં પણ તેલ પૂરેલું કોડિયું જ મૂકાતું.

### માટીના દીવાનો જ કરો ઉપયોગઃ-

તમે દિવાળી પર આ વખતે ચાઈનીઝ લાઈટની જગ્યાએ માટીના દીવાનો ઉપયોગ કરો કારણકે પર્યાવરણમાંથી મળતી વસ્તુઓ પર્યાવરણને કંઈક આપીને જાય છે. માટીના બનેલા દીવા બાયોડિગ્રેડેબલ હોય છે જેનાથી પર્યાવરણને કોઈ નુકશાન થતુ નથી. તમને જણાવી દઈએ ક માટીના દીવા ગરીબ પરિવારના લોકો બનાવે છે માટે તમે જો આ દીવા ખરીદશો તો તમારુ ઘર પર રોશન થશે, આ વાતોનુ ધ્યાન રાખીને માટીના દીવા જ ખરીદવા જોઈએ.

### ડેકોરેશનમાં ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો ઉપયોગઃ-

ડેકોરેશન માટે પણ માર્કેટમાં મોટાભાગો પ્લાસ્ટિક કે પર્યાવરણને નુકશાન ન પહોંચાડનાર મટિરિયલથી બનેલી વસ્તુઓ મળે છે. આ જગ્યાએ ઈકો-ફ્રેન્ડલી મટિરિયલ જેવા કે પેપર ક્રાફટ, વાંસ, મડ વગેરેથી બનેલી વસ્તુઓ અને રંગોલીમાં આપણે રંગોની જગ્યાએ પ્રાકૃતિક રંગોનો ઉપયોગ કરીને પર્યાવરણને પ્રદૂષિત બનવાથી બચાવી શકીએ છીએ.

# રાજસ્થાનના ભાજપ પ્રદેશ પ્રમુખની ગાંધીનગર મુલાકાત



ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં તા.૧૪મી સપ્ટેમ્બરના ભારતીય જનતા પાર્ટીના રાજસ્થાનના પ્રદેશ પ્રમુખ સતીશ પુનિયાએ ગાંધીનગરની મુલાકાતે પધાર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલી અને સંચલાન સમિતિના સભ્યો રમેશભાઈ પંચાલ, વિક્રમસિંહ રાજપુરોહિત, સોમવીરજી, તલકાજી મેઘવાલ, ખેતારામજી મોદી વગેરે સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી. આ મુલાકાતમાં તેમણે ગુજરાતમાં યોજાનારી વિધાનસભાની આગામી ચૂંટણીને અનુલક્ષીને ચર્ચાઓ કરી હતી.

# બેંક ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ઝોન દ્વારા હિન્દી માસ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૫

બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગર ઝોનમાં ગત તા. ૧૪મી સપ્ટેમ્બરથી તા.૧૪મી ઓક્ટોબર દરમિયાન "હિન્દી માસ"ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત અલગ પાંચ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, બેંક ઓફ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ અતનુ કુમાર દાસ અને ઝોનલ મેનેજર મનીષ કુમાર ફુલરેના હિન્દી સંદેશાઓ વાંચવાની સાથે હિન્દીમાં કામ કરવા માટે શપથ ગ્રહણ સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૪ ઓક્ટોબરના રોજ હિન્દી મહિનાના સમાપન સમારોહમાં, ઝોનલ મેનેજર મનીષ કુમાર ફુલરે અને ડેપ્યુટી ઝોનલ મેનેજર બી.વી. ચાવડા દ્વારા સમગ્ર મહિના દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્રો અને રોકડ ઈનામોથી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા. તેમના સંબોધનમાં ફુલરેજીએ, સત્તાવાર ભાષા હિન્દીના મહત્વ પર ભાર મૂકતા, સ્ટાફ સભ્યોને પ્રેરણા અને પ્રોત્સાહિત કર્યા કે આપણે બધાએ હિન્દીમાં મહત્તમ કાર્ય કરવું જોઈએ. તમામ સ્પર્ધાઓમાં તમામ ઝોનના સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો.

# નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

ફેઈથ ફાઉન્ડેશન ગુજરાતમાં રાજ્યમાં વ્યસનમુક્તિ ક્ષેત્રે કાર્યરત સંસ્થા છે તથા સંસ્થા ગુજરાત રાજ્ય તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ કમિટી વડોદરા શહેર, વડોદરા જિલ્લો તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ કમિટીની સભ્ય પણ છે. સંસ્થા ગુજરાતના બધા જિલ્લાઓમાં આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત સાથે સંકલન માં રહીને તમાકુ નિયંત્રણ ક્ષેત્રે કામ કરતી અગ્રણી સંસ્થા છે.




તમાકુનું સેવન એ વિશ્વમાં અટકાવી શકાય તેવા મૃત્યુનું કારણ છે. સમગ્ર વિશ્વમાં તમાકુને કારણે થતા રોગોથી એટલે કે ફેફસાના કેન્સર, દમરોગની બિમારી તેમજ અન્ય બિમારીઓથી દર વર્ષે ૮૦ લાખ લોકો મૃત્યુને ભેટે છે. જયારે ભારતમાં ૧૩.૫૦ લાખ લોકો મૃત્યુને ભેટે છે. ભારતમાં તમાકુનું સેવન કરનાર બે વ્યકિત દર મીનીટ અને ૮૦૦ રોજના તમાકુના કારણે મોતને ભેટે છે. આ સમસ્યાની ગંભીરતાને અને ભયાનકતાને ધ્યાનમાં લઈને સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ અને ફેઈથ ફાઉંડેશનના સયુક્ત ઉપક્રમે અર્ધ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ મહાનુભાવો દ્વારા ગ્લોબલ યૂથ ટોબેકો સર્વે ૨૦૧૯ની અને ટ્રીટ ટુ એન્વાઈરમેન્ટની ફેક્ટશીટ ગુજરાતમાં રિલીઝ કરવામાં આવી હતી. સંસ્થાની અખબારી યાદી અનુસાર ગ્લોબલ યૂથ ટોબેકો સર્વે ૨૦૧૯ ડેટા પ્રમાણે હાલમાં ગુજરાતમાં ૫.૪% વિદ્યાર્થીઓ જેમાં ૬.૩% છોકરાઓ અને ૪.૨% છોકરીઓ હાલમાં તમાકુ સાથે જોડાયેલા છે . તેમજ ૫.૧% વિદ્યાર્થીમાં ૫.૭% છોકરાઓ અને ૪.૧% છોકરીઓ હાલમાં ધુમ્રપાન સાથે જોડાયેલા છે.

# સાબરકાંઠામાં ગુજરાત ગૌરવ યાત્રા નું ભવ્ય સ્વાગત

## ગુજરાતમાં શાંતિ અને વિકાસની વાત થાય છે : પરષોત્તમ રૂપાલાજી : તલોદના રોઝડમાં મહિલાઓ માથે માડવડી મૂકી રાસ ગરબા ગાતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું - સંસ્કૃતિકના ભવ્ય દર્શન થયા : તલોદ એસ.ટી. ડેપો ની મંજૂરી પત્ર મંત્રીશ્રીના હસ્તે શહેર - તાલુકાના આગેવાનોને અર્પણ કરાયો

ગાંધીનગર, તા.૧૫

કેન્દ્ર અને ગુજરાતની ડબલ એન્જિન સરકારની ગુજરાત ગૌરવ યાત્રા આજે અરવલ્લી જિલ્લા માંથી તલોદ તાલુકાના રોઝડ મુકામે પહોંચી ત્યારે યાત્રામાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાજી નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વનવાસી બહેનો દ્વારા માથે માડવડી મૂકી રાસ ગરબા સાથે યાત્રાનો ભવ્ય સ્વાગત કરવામાં આવેલ સાથે જિલ્લાના અનેક વિસ્તારો પ્રાંતિજ, સલાલ, નીકોડા, ખેડ, બોલુન્દ્રા, ઈડર સહિત અનેક વિસ્તારોમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જેમાં બાઈકો મોટી સંખ્યામાં ગાડીઓમાં પણ કાર્યકર્તા ઉત્સાહ સાથે જોડાયા હતા. તલોદ માર્કેટયાર્ડ ખાતે યોજાયેલી જાહેર સભામાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાજીએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા જણાવેલ કે કાર્યકર્તા-બુથ- રાજ્યનો કે દેશનો આપણે બધા ભારત માતાને માનીએ છીએ. યાત્રા વિશે વાત કરતા જણાવેલ કે અમે સંસ્કૃતિના માણસ છીએ અમારો યાત્રા જ મલક છે. અંબાજીની યાત્રા નીકળે, પાવાગઢની યાત્રા નીકળે, ડાકોરથી યાત્રા નીકળે, માતાના મઢ ની યાત્રા નીકળે, તેમ યાત્રા દ્વારા રાજકીય વાતો કરીએ વિપક્ષોને ખબર જ નથી યાત્રા શું છે.

ગુજરાતમાં અગાઉની કોંગ્રેસની સરકાર વિશે વાત કરતા જણાવેલ કે પહેલા રોડ, વીજળી, દવાખાના, શિક્ષણ, પાણી, આરોગ્યની શું સ્થિતિ હતી. આપણું પાટનગર અમદાવાદ ગણાતું લતીફ તરીકે ઓળખાતું, કચ્છ ઈભલા તરીકે ઓળખાતું અને ગાંધીજીના જન્મસ્થળ પોરબંદર સમરણભાઈ ના નામે



ઓળખાતું હતું. આજે ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવા માટે ગેરંટી કાર્ડ લઈને આપવા નીકળ્યા છો, પહેલા અષાઢી બીજ આવે ત્યારે ચિંતા થતી હતી ઘરમાં પ્રસંગ હોય અમદાવાદ ખરીદી કરવા જવું હોય તો એક મહિનાનો કર્ફ્યું હોય આવી સ્થિતિ હતી આજે વ્યવસ્થા બદલાવાથી આ બધી જીવતો ને કાઢવાનું કામ કર્યું, ભાજપની સરકારોએ સાર્વત્રિક વિકાસ કર્યા પહેલા નદીઓમાં સર્કસ ના તંબુ લાગેલા હોય, આજે નદીઓ બે કાંઠે જાય છે, હું પહેલા પાણી પુરવઠા મંત્રી હતો. મને ખબર છે પંપ લગાવવા કેટલી ગ્રાન્ટ વપરાતી હતી આજે એક ગામ હોય તો પણ કરોડોના કામોની યોજનાઓ બને છે, રિવરફ્રન્ટ ઉપર વિદેશી મહેમાનો આવે તેવા ફેરફાર આપણી સરકારે કર્યા છે, તમે બધાએ ચૂંટણીના દિવસે કમળને મત આપ્યા તેનાથી આ કામ થયું છે

આજે ખેડૂતોને ઝીરો ટકાથી લોન મળે છે. મોદી સાહેબ પ્રધાનમંત્રી બન્યા ત્યારે ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા આપવાનું શરૂ કર્યું, પરંતુ પશુપાલકોને પણ ઝીરો ટકાએ લોન મળે છે જેમાં ખેડૂત અને પશુપાલકોને ચાર ટકા રાજ્ય સરકાર અને ત્રણ ટકા કેન્દ્ર સરકાર મદદ કરે છે. આ ડબલ એન્જિન સરકારના કારણે હું અહીં તલોદમાં સ્વર્ગસ્થ ઉપેન્દ્ર ત્રિવેદીને યાદ કરું છું તેમના એક નાટકનો ડાયલોગમાં તલોદ ગામ આવતું હતું. કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા જીએ ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલા ઐતિહાસિક કામો વિશે વધુમાં જણાવેલ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ બટન દબાવે એટલે દસ જ મિનિટમાં ખેડૂતોના ખાતામાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયા જમા થઈ જાય, અહીં પહેલાની જેમ કોઈ વચેટિયા નહીં વિરાટ જનમેદનીની ને જણાવેલ કે પહેલાના સરપંચો હોય તેમને પૂછજો કેટલી તકલીફો પડતી હતી પોતાના ઘરના પણ રૂપિયા વપરાતા હતા,ગામમાં કલેકટર આવે જમાદાર આવે, ભવૈયા આવે, ડોકટર આવે, તમામને જમાડવા પડતા હતા તેમાં ગામની પાંચ વીઘા જમીન ઓછી કરી, આજે ગામના વિકાસમાં ગ્રામ પંચાયતોના સીધા ખાતામાં પૈસા મળે છે, પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે આપણા યાત્રામાં દેશના પશુપાલન સાથે સંકળાયેલા તમામને આગળ લાવવાનું કામ નરેન્દ્રભાઈ ની સરકારમાં આપણા કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા સાહેબ કરે છે ખેડૂતોની એ.પી.એમ.સી.માં કાર્યક્રમ છે આ એ ધરતી છે, ખેતરમાં ટ્રાન્સફોર્મર બળી જાય તો બે-બે મહિના કોંગ્રેસની સરકારમાં રાહ જોવાતી હતી, પહેલા ખેડૂતોના પ્રશ્નો લઈ ગયા હોય તો ગોળીઓ મારવામાં આવતી હતી એ આ ધરતી છે અહીં ખેડૂતોની ખાભીઓ છે. વીજળી મળતી ન હતી એ દિવસો જોવા વાળા અહીં છે

# ગાંધીનગરમાં ૧૮મીથી ડીફેન્સ એક્સપો

## સાબરમતી રીવર ફ્રન્ટ ખાતે યોજાનાર પ્રદર્શન નિહાળવા સામાન્ય નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરાઇ

ગાંધીનગર, તા.૧૫

કેન્દ્રીય રક્ષા મંત્રાલય દ્વારા યોજાનાર ઙીફઈર્ટ ૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર અને અમદાવાદ ખાતે તા. ૧૮ થી ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સપો અંતર્ગત સાબરમતી રિવર ફ્રન્ટના પૂર્વ કાંઠે જાહેર જનતા માટે પ્રદર્શન જોવા જરૂરી સૂચનાઓ જાહેર કરાઈ છે. Def-Expo ૨૦૨૨ના વિવિધ કાર્યક્રમનો લ્હાવો લેવા મુલાકાતીઓને ઈ-ટિકિટ દ્વારા એન્ટ્રી આપવામાં આવશે સાથે જ ઈ-ટિકિટમાં ઉલ્લેખિત તારીખ અને સમય પર જ મુલાકાતીઓને પ્રવેશ આપવામાં આવશે. આ ઈ-ટીકીટ eventreg.in/registration/visitor વેબસાઈટ પર વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. મુલાકાતીઓએ પ્રદર્શન સ્થળના પ્રવેશ દ્વાર પર પ્રવેશ કરતા પહેલા ઊઈ કોડ/બાર કોડ સ્કેન કરવાનો રહેશે અને સરકાર દ્વારા જારી કરાયેલ ઓળખકાર્ડ દા.ત. આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/મતદાર આઈડી/પાન કાર્ડ વગેરે રજૂ કરવાના રહેશે. પ્રદર્શન દરમિયાન કોવિડના નિયમોનું પણ ચુસ્તપણે પાલન કરવામાં આવશે. જેમાં મુલાકાતીઓને કેન્દ્ર/રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે. પ્રદર્શન સ્થળે મુલાકાતીઓનું થર્મલ સ્કીનીંગ પણ કરવામાં આવશે. પ્રદર્શન સ્થળ પર પીવાના પાણી, શૌચાલય, મોબાઈલ ચાર્જીંગ પોઈન્ટ, હેલ્પ ડેસ્ક, વગેરે સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. મુલાકાતીઓ કોઈપણ ખાદ્યપદાર્થો/હેન્ડ બેગ, છૂટક વસ્તુ જેવી કે કાગળ, પ્લાસ્ટિક, પોલીબેગ વગેરે લઈ જઈ શકશે નહીં. પ્રદર્શનની મુલાકાતે વાહન લઈને આવતા મુલાકાતીઓને નિર્ધારિત પાર્કિંગ સાઈટ પર જ પોતાના જોખમે વાહન પાર્ક કરવાના રહેશે. પાર્કિંગની સુવિધા મર્યાદિત હોવાથી મુલાકાતીઓને આવવા-જવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની સલાહ પણ આપવામાં આવી છે. પ્રદર્શન સ્થળે ધૂમ્રપાન, તમાકુ ઉત્પાદનો અને દારૂ સખત પ્રતિબંધિત છે. મુલાકાતીઓને સ્વચ્છતા,શાંતિ અને સામાજિક વ્યવસ્થા જાળવવા અને સુરક્ષા કર્મચારીઓને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.